# શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિતઃ માતુશ્રી મણિબહેન મણશી ભીમશી છાડવા –ધાર્મિક શિક્ષણ બોર્ડ આયોજિત
વાર્ષિક પરીક્ષા જૈનશાળા / મહિલામંડળ / મિત્રમંડળ / યુવા ગ્રુપ નું પેપર

**સવાલ સાથે જવાબ પેપર**

તા. ૧૦-૦૧-૨૦૧૬ • સમયઃ સવારે ૯ થી ૧૨ • શ્રેણી : ૧૪ • ગુણ : ૧૦૦

(Dharmik Shikshan Board Certificate Course Level : 14

**પ્ર. : ૧. નીચેના પ્રશ્નોના જવાબ લખો :**

(ક) સાધુ - સાધ્વીજીને કેટલા પ્રકારની વસ્તુઓ વહોરાવી શકાય ? ફક્ત સંખ્યા લખો. તેમાંથી કેટલી પાઢિયારી અને કેટલી અપાઢિયારી ? સંખ્યા લખો.

**જવાબઃ ૧(ક)** સાધુઓને ૧૪ પ્રકારની વસ્તુઓ વહોરાવી શકય. તેમાંથી ૮ અપાઢિયારી અને ૬ પાઢિયારી છે.

(ખ) પાઠ પૂર્તિ કરો : પગામ સિજ્જાએ ......... છપ્પઈ સંઘટ્ટાણાએ.

**જ. (ખ)**નિગામસિજ્જાએ સંથારા ઉવટ્ટણાએ પરિયટ્ટણાએ આઉટ્ટણાએ પસારણાએ.

(ગ) <u>અર્ધમાગધી શબ્દ લખો :</u> (૧) ઘરેણાંની જાત અને સંખ્યાની મર્યાદા, (૨) ઉતાવળથી લેવા વડે (૩) પ્રતિપૂર્ણ છે (૪) તે પ્રકારનો કોઈ પણ સ્પર્શ થાય.

**જ. (ગ)** આભરણવિહિં, સહસાગારે, પડિપુન્નં, ફાસાફુસંતુ

(ઘ) પરિગ્રહ એટલે શું ? બાહ્ય તથા આભ્યાંતર પરિગ્રહના પ્રકાર કેટલા ? ફક્ત સંખ્યા લખો.

**જ. (ઘ)** પરિગ્રહ એટલે મૂર્છા, મમત્વ, બાહ્ય પરિગ્રહ. ૯ પ્રકારના, આભ્યંતર પરિગ્રહના ૧૪ પ્રકાર છે.

(ચ) અત્યારે જંબુદ્વીપમાં કેટલા તીર્થંકર બિરાજે છે ? ક્યાં બિરાજે છે ? અને કઈ કઈ વિજયમાં ?

**જ. (ચ)** જંબુદ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં ૪ તીર્થંકર બિરાજે છે. ૮, ૯, ૨૪, ૨૫ વિજયમાં.

---

**પ્ર. : ૨. પુચ્છિંસ્સુણંના આધારે જવાબ લખો :**

**(ક) નીચેની ગાથાઓ ભાવાર્થ સહિત લખો : (કોઈ પણ પાંચ)**

| | | |
|---|---|---|
| ૧) ઉડ્ઢં અહેયં | ૪) સે પણ્ણયા | ૭) જહા સયંભુ |
| ૨) સે સવ્વદંસી | ૫) પુટ્ઠે નભે | ૮) દાણાણં સેટ્ઠં |
| ૩) પુચ્છિંસ્સુણં | ૬) ગિરીવરેવા | |

**જ. (ક) (૧)** ઉડ્ઢં અહેયં તિરિયં દિસાસુ, તસાય જે થાવર જે ય પાણા ।
સે ણિચ્ચણિચેહિ સમિક્ખપણ્ણે, દીવે વ ધમ્મં સમિયં ઉદાહુણ ॥

**ભાવાર્થ :** પ્રજ્ઞાવંત ભગવાન મહાવીરે ઉપર, નીચે તથા તિરછી દિશામાં રહેલા ત્રસ તથા સ્થાવર પ્રાણીઓને દ્રવ્યથી નિત્ય અને પર્યાયથી અનિત્ય જાણીને, પદાર્થોને પ્રકાશિત કરનારા સમ્યક્ દર્શનનું કથન કહેલ હતું.

**જ. (૨)** સે સવ્વદંસી અભિભૂયનાણી, નિરામગંધે ધિઈમં ઠિયપ્પા ।
અણત્તરે સવ્વ જગંસિ વિજ્જં, ગંથા અતીતે અભએ અણાઉ ॥

**ભાવાર્થ :** તે ભગવાન મહાવીર સમસ્ત જગતને દેખવાવાળા, કેવળદર્શનના, કેવળજ્ઞાનીના ધારક મૂળ ઉત્તર ગુણોથી વિશુદ્ધ સંયમના પાલક, ધૈર્યતાવાળા, આત્મસ્વરૂપમાં સ્થિત સર્વોત્તમ વિદ્વાન હતા. કર્મરૂપ ગ્રંથિથી રહિત, અભય અને નવા આયુષ્યથી રહિત હતાં.

**જ. (૩)** પુચ્છિસ્સુ ણં સમણા માહણાય, અગારિણો યા પરતિત્થિઆ ય ।
સે કેઈ ણેગંતહિય ધમ્મમાહુ, અણેલિસં સાહુ સમિક્ખયાએ ॥

**ભાવાર્થ :** શ્રી સુધર્મા સ્વામીને શ્રી જંબુસ્વામીએ પૂછ્યું કે હે ભગવાન ! શ્રમણો, બ્રાહ્મણો, ગૃહસ્થીઓ તથા અન્ય દાર્શનિકો મને પૂછે છે કે એકાંત હિતકારી અને ઉત્તમ ધર્મને કોણે કહેલ છે ?

**જ. (૪)** સે પણ્ણયા અક્ખયસાગરે વા, મહોદહી વાવિ અણંતપારે ।
અણાઈલે વા અકસાઈ મુક્કે (ભિક્ખૂ), સક્કે વ દેવાહિવઈ જુઈમં ॥

**ભાવાર્થ :** તે ભગવાન મહાવીર સમુદ્રની સમાન પ્રજ્ઞાએ કરી અક્ષય અનંત હતા. જેમ સ્વયંભૂરમણ સમુદ્ર જળવાળો છે તેમ ભગવાનનું જ્ઞાન કર્મમળ રહિત નિર્મળ, કષાયથી રહિત તથા ઘાતિ કર્મના બંધનથી મુક્ત હતું. તેથી દેવતાના અધિપતિ સક્કેન્દ્રની પેઠે તેજસ્વી હતા.

જ. (૫) પુઢ્ઠેણભ ચિઠ્ઠઈ ભૂમિવટ્ઠિએ, જં સૂરિયા અણુપરિવટ્ટયંતી ।
સે હેમવણ્ણે બહુનંદણેય, જંસી રતિં (રઈ) વેદયંતી મહિંદા ॥
**ભાવાર્થ :** તે મેરૂ પર્વત ભૂમિ પર સ્થિત રહીને પણ આકાશને સ્પર્શી રહ્યો છે એટલે ત્રણે લોકને સ્પર્શી રહ્યો છે. તેની આજુબાજુ સૂર્ય (જ્યોતિષ ચક્ર) પ્રદક્ષિણા કરે છે, સુવર્ણ જેવી ક્રાંતિવાળો છે અને અનેક (ચાર) નંદનવનોથી શોભી રહ્યો છે, જેના પર મોટા ઈન્દ્રો પણ આવીને આનંદ અનુભવે છે.

જ. (૬) ગિરિવરે વા નિસહાયયાણં, રુયએ વ સેટ્ઠે વલયાયતાણં ।
તઓવમે સે જગભૂઈપણ્ણે, મુણાણમજ્ઝે તમુદાહુ પણ્ણે ॥
**ભાવાર્થ :** જેમ લાંબા પર્વતોમાં નિષિધ પર્વત, ગોળ પર્વતોમાં રૂચક પર્વત શ્રેષ્ઠ છે તેવી ઉપમાએ પ્રાજ્ઞ શ્રી મહાવીર દેવ મુનિઓ વચ્ચે જગતમાં સર્વથી શ્રેષ્ઠ હતા.

જ. (૭) જહા સયંભૂ ઉદ્હીણ સેટ્ઠે, નાગેસુ વા ધરણિંદમાહુ સેટ્ઠે ।
ખોઓદએ વા રસ વેજયંતે, તવો વહાણે મુણિવેજયંતે ॥
**ભાવાર્થ :** જેમ સમુદ્રોમાં સ્વયંભૂરમણા, નાગકુમાર દેવતાઓમાં ધરણેન્દ્ર, રસમાં ઈક્ષુરસ શ્રેષ્ઠ છે, તેમ તપ અનુષ્ઠાનમાં શ્રી ભગવાન મહાવીર સર્વ મુનિઓ કરતાં શ્રેષ્ઠ હતા.

જ. (૮) દાણાણં સેટ્ઠં અભયપ્પયાણં, સચ્ચેસુ વા અણવજ્જં વયંતિ ।
તવેસુ વા ઉત્તમ બ્રહ્મચેરં, લોગુત્તમે સમણે નાયપુત્તે ॥

**(ખ) નીચેના શબ્દોના અર્થ લખો :**

જવાબ સાથે (ખ)

| | | | |
|---|---|---|---|
| અગારિણો | જ. : ગૃહસ્થો | મહિંદ | જ. : મહા ઈન્દ્રો |
| પેહિ | જ. : જુઓ | સચ્ચેસુવા | જ. : સત્ય વચનમાં |
| વઈરોયણિંદે | જ. : વૈરોચન પ્રજ્વલિત અગ્નિની જેમ | મહાભવોઘં | જ. : મહાન ભવ સમુદ્ર |
| ભૂઇપણ્ણે | જ. : પ્રભૂતજ્ઞાની, અનંતજ્ઞાની | ભૂઇપણ્ણે | જ. : અનંત જ્ઞાની |

**(ગ) કોઈ પણ એકનો જવાબ લખો :**

(૧) પૃથ્વી જેમ સર્વને આધારભૂત છે તેમ શ્રી ભગવાન મહાવીર સર્વને અધારભૂત હતા તે દર્શાવતી ફક્ત ગાથા લખો.

જ. : (૧) પુઢોવમે ધુણઈ વિયયગેહી, ન સણ્ણિહીં કુવ્વઈ આસુપણ્ણે ।
તરિઉં સમુદ્દં ચ મહાભવોઘં, અભયંકરે વીરે અણંત ચક્ખૂ ॥

**અથવા**

(૧) પ્રભુ મહાવીર કેવું ધ્યાન ધરતા હતા તે દર્શાવતી ગાથા લખો.

જ. (૧) અણુત્તરં ધમ્મ મુઇ રઈત્તા, અણુત્તરં ઝાણવરં ઝિયાંઇ ।
સુસક્ક સુક્કં અપગંડ સુક્કં સંખિંદુ એગંત વદાત સુક્કં ॥

(ઘ) શબ્દમાં, દાનમાં, તપમાં, સમુદ્રોમાં, વૃક્ષોમાં, ફૂલોમાં, ક્ષત્રિયોમાં, પક્ષીઓમાં શું શ્રેષ્ઠ છે તે લખો.

જ. (ઘ) શબ્દમાં = મેઘગર્જના * દાનમાં = અભયદાન * તપમાં = બ્રહ્મચર્ય * વૃક્ષોમાં = શાલ્મલિ
ફૂલોમાં = અરવિંદ-કમળ * ક્ષત્રિયોમાં = દંતવાક્ય (વાક્ય પાળનારો ચક્રવર્તી)
પક્ષીઓમાં = વેણુદેવ - ગરૂડ

---

**પ્ર. : ૩. કાયસ્થિતિના થોકડાના આધારે જવાબ લખો :**

**(ક) નીચેના બોલોની જઘન્ય અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ લખો (કોઈ પણ ૧૦)**

જવાબ સાથે :

| | બોલનું નામ | જઘન્ય | ઉત્કૃષ્ટ કાયસ્થિતિ |
|---|---|---|---|
| ૧) | દેવી | ૧૦૦૦૦ વર્ષ | ૫૫ પલ્ય |
| ૨) | વનસ્પતિકાય | અંતઃ મુહૂર્ત | અનંતકાળ (વનસ્પતિ કાળ) |
| ૩) | પ્રત્યેક વનસ્પતિ | અંતઃ મુહૂર્ત | ૭૦ ક્રોડાક્રોડી સાગર |
| ૪) | સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા | અંતઃ મુહૂર્ત | અંતઃ મુહૂર્ત |
| ૫) | સૂક્ષ્મ વનસ્પતિકાય | અંતઃ મુહૂર્ત | અસંખ્યાતો કાળ (પૃથ્વી કાળ) |
| ૬) | કાપોત લેશ્યા | અંતઃ મુહૂર્ત | ૩ સાગર,પલ્યનો અસંખ્યાતમો ભાગ |
| ૭) | સાસ્વાદન સમકિત | ૧ સમય | ૬ આવલિકા |
| ૮) | મનઃ પર્યવજ્ઞાન | ૧ સમય | દેશે ઊણા પૂર્વ ક્રોડ વર્ષ |
| ૯) | અવધિદર્શન | ૧ સમય | ૧૩૨ સાગર સાધિક |
| ૧૦) | ભાષક | ૧ સમય | અંતઃ મુહૂર્ત |
| ૧૧) | અસંજ્ઞી | અંતઃ મુહૂર્ત | વનસ્પતિ કાળ |
| ૧૨) | પર્યાપ્તા | અંતઃ મુહૂર્ત | પ્રત્યેક સો સાગર સાધિક |

**(ખ) જવાબ લખો : કોઈ પણ <u>પાંચ</u> :**

(૧) આ થોકડામાં કેટલા પ્રકારના કાળ બતાવ્યા છે ? દરેકના નામ ક્રમમાં લખો.

**જવાબ(ખ)(૧) આ થોકડામાં ૪ પ્રકાના કાળ બતાવ્યા છે. ક્રમથી તેમના નામ નીચે પ્રમાણે છેઃ**

**(i) બાદર કાળ (અસંખ્યાતો કાળ) તેનાથી મોટો**

**(ii) પુઢવી કાળ (અસંખ્યાાતો કાળ) તેનાથી મોટો**

**(iii) અર્ધ પુદ્ગલ પરાવર્તન કાળ (અનંતો કાળ) તેનાથી મોટો**

**(iv) વનસ્પતિ કાળ (અનંતો કાળ)**

(૨) કયા જીવોની કાયસ્થિતિ અને ભવસ્થિતિ સરખી છે ? શા માટે ?
તેવા કોઈ પણ એક જીવની જઘન્ય અને ઉત્કૃષ્ટ ભવસ્થિતિ લખો.

**જ. (૨) નારકી અને દેવની કાયસ્થિતિ અને ભવસ્થિતિ સરખી છે કારણ કે નારકી અને દેવની પર્યાય એક ભવ પૂરતી જ સિમીત છે. નારકી મરીને નારકી નથી બનતો. દેવ મરીને દેવ નથી બનતા. પ્રથમ નરકના નારકીની ભવસ્થિતિ જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ ૧ સાગર છે.**

(૩) આહારદ્વાર લખો.

**જ. (૩) આહાર દ્વાર :**

| | આહાર દ્વાર | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|---|
| ૧૬૧ | આહારક છદ્મસ્થ | ૩ સમય ન્યૂન ૧ ક્ષુલ્લક ભવ | અસંખ્યાતો કાળ (બાદર કાળ) |
| ૧૬૨ | આહારક કેવળી | અંતઃ મુહૂર્ત | દેશે ઊણું પૂર્વ ક્રોડ વર્ષ |
| ૧૬૩ | અણાહારી છદ્મસ્થ | ૧ સમય | ૩ સમય |
| ૧૬૪ | ભવસ્થ સયોગી કેવળી અણહારક | .... અજઘય અનુત્કૃષ્ટ | ૩ સમય |

(૪) જેની ઉ-સ્થિતિ સર્વકાળ છે, તેવા બોલના નામ લખો. શા માટે તેમની સ્થિતિ સર્વકાળ છે ?

**જ. (૪) જેની ઉ. સ્થિતિ સર્વકાળ છે તવા બોલો :**
**ધર્માસ્તિકાય, અધર્માસ્તિકામ, આકાશાસ્તિકાય, કાળ, પુદ્ગલ... આ બધા બોલ અનાદિ અનંતની સ્થિતિવાળા છે તેથી તેમની ઉ. સ્થિતિ સર્વકાળ છે. તે હંમેશાં પોતાના સ્વભાવમાં અવસ્થિત રહે છે.**

(૫) કાપોત લેશ્યા અને પદમલેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિ કેટલી ? કઈ અપેક્ષાથી ?

**જ. (૫) કાપોત લેશ્યાની ઉ. સ્થિતિ - ૩ સાગરને પલ્યનો અ. ભાગ અધિક**
**પદમ લેશ્યાની ઉ. સ્થિતિ - ૧૦ સાગરોપમનો અંત અધિક.**

(૬) દર્શનદ્વાર લખો.

**જ. (૬) દર્શનદ્વાર**

| | દર્શનદ્વાર | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|---|
| ૧૪૫ | ચક્ષુદર્શન | અંતઃ મુહૂર્ત | ૧૦૦૦ સાગર અધિક |
| ૧૪૬ | અચક્ષુદર્શન | ----- | અ.અ. અ.સાં. |
| ૧૪૭ | અવધિ દર્શન | ૧ સમય | ૧૩૨ સાગર અધિક |
| ૧૪૮ | કેવળ દર્શન | ----- | સાદિ અનંત |

---

**પ્ર. : ૪. જવાબ લખો : કોઈ પણ ત્રણ (બાર તપના આધારે) :**

(૧) અવકાલિક અનશન તપના કેટલા ભેદ છે ? કયા કયા ?
સુકોશલ મુનિએ કયું તપ કર્યું હતું ? સુદર્શન શેઠે કયું તપ કર્યું હતું ?

**જવાબઃ૪ (૧) અવકાલિક અનશન તપના ૩ ભેદ છે. (૧) પાદોપગમન પ્રત્યાખ્યાન (૨) ભક્ત પ્રત્યાખ્યાન (૩) ઇંગિત મરણ તે દરેકના બે ભેદ ૧) વ્યાઘાત અને ૨) નિર્વ્યાઘાત એટલે કુલ છ ભેદ થયા.**

(૨) ભાવ ઉણોદરી તપ કેટલા અને કયા કયા પ્રકારે થાય ? ઉણોદરી તપના કુલ કેટલા પ્રકાર - સંખ્યા લખો.

**જ. (૨) ભાવ ઉણોદરી તપ ૬ પ્રકારે થાયઃ અલ્પ ક્રોધ, અલ્પ માન, અલ્પ માયા, અલ્પ લોભ, અલ્પ શબ્દ (કલહ), અલ્પ ઝંઝટ (ક્રોપયુક્ત વચન), ઉણોદરી તપના કુલ પ્રકાર : ૧૫**

(૩) વિનય તપના કેટલા ભેદ ? કયા કયા ?
તે દરેકના પેટાવિભાગ મળીને વિનયતપના કુલ કેટલા ભેદ થાય ? - તે સંખ્યા લખો.

**જ. (૩) વિનયતપના ૭ ભેદઃ ૧) જ્ઞાન વિનય ૨) દર્શન વિનય ૩) ચરિત્ર વિનય ૪) મન વિનય ૫) વચન વિનય ૬) કાય વિનય ૭) વ્યવહાર વિનય. વિનયતપના કુલ ભેદ ૧૩૪,**

(૪) વ્યુત્સર્ગ એટલે શું ? ભાવ કાર્યોત્સર્ગના પ્રકાર લખો - ફક્ત નામ લખો.

જ. (૪) વ્યુતસર્ગ એટલે આત્માથી અલગ પદાર્થોનો ત્યાગ

ભાવ કાયોત્સર્ગના પ્રકાર : (૧) કષાય કાયોત્સર્ગ
(૨) સંસાર કાયોત્સર્ગ
(૩) કર્મ કાયોત્સર્ગ

- કાઉસ્સગ્ગના કુલ ભેદ કેટલા ? ફક્ત નામ લખો.

- ધર્મકથા કેટલા પ્રકારની છે ? તેના નામ લખા

કાઉસગ્ગના કુલ ભેદ : ૭.

(૫) સ્વાધ્યાય તપના બધા પ્રકારના ફક્ત નામ લખો.

જ. (૫) સ્વાધ્યાય તપના પ્રકાર પાંચ - વાચણા, પુચ્છણા, પરિયટ્ટણા, અનુપ્રેક્ષા, ધર્મકથા.

ધર્મકથા ૪ પ્રકારની છે. ૧) આક્ષેપણી ૨) વિક્ષેપણી ૩) સંવેગણી ૪) નિર્વેદણી.

---

**પ્ર. : ૫. ભક્તામરના આધારે લખો :**

**(ક)નીચેની ગાથા ભાવાર્થ સાથે લખો : (કોઈ પણ ત્રણ)**

૧) જ્ઞાનં યથા .......... કુલેડપિ ૩) સ્ત્રીણાં .......... જાલમ્

૨) ત્વામામનન્તિ .......... પન્થાઃ ૪) નાસ્તં .......... લોકે

જ.૫ઃ (ક) (૧) *જ્ઞાનં યથા ત્વયિ વિભાતિ કૃતાવકાશં, નૈવં તથા હરિહરાદિષુ નાયકેષુ ।*
*તેજઃ સ્ફુરન્મણિષુ યાતિ યથામહત્વં નૈવં તુ કાચ શકલે કિરણા કુલેડપિ ॥*
આપને વિષે અવકાશ કરીને રહેલું જ્ઞાન જેવું શોભી રહ્યું છે તેવું હરિહરાદિ મુખ્ય દેવોમાં શોભતું નથી. કારણ કે પ્રકાશમાન મણિઓમાં તેજ જેવી પ્રબળતા પામે છે તેવી, તેજમાં પ્રબળતા સૂર્યકિરણોને વેરતા કાચના કટકા નથી પામતા.

(૨) *ત્વામામનન્તિ મુનયઃ પરમં પુમાંસ, માદિત્ય વર્ણ વર્ણમમલં તમઃ પુરસ્તાત્ ।*
*ત્વામેવ સમ્યગુપલભ્ય જયન્તિ મૃત્યું, નાન્યઃ શિવઃ શિવપદસ્ય મુનિન્દ્ર પન્થા ॥*
હે મુનિન્દ્ર, મુનિઓ આપને પરમ પુરુષ, અંધકારને દૂર કરવામાં સૂર્ય સમાન તેજસ્વી અને નિર્મળ માને છે. એવા આપને જ રૂડી રીતે ભજી ને મૃત્યુને જીતી જાય છે. તેથી મુક્તિપદ કલ્યાણકારી માર્ગ આપના વીતરાગ માર્ગ સિવાય બીજો કોઈ જ નથી.

(૩) *સ્ત્રીણાં શતાનિ શતશો જનયન્તિ પુત્રાન, નાન્યા સૂતં ત્વદુપમં જનની પ્રસૂતા ।*
*સર્વા દિશો દધતિભાનિ સહસ્ર રશ્મિં, પાચ્ચેવ દિગ્જનયતિ સ્ફૂર દંશુજાલમ્ ॥*
હે નાથ ! આ જગતમાં સ્ત્રીઓ લાખો પુત્રોને જન્મ આપે છે, પરંતુ તમારી માતા સિવાય બીજી કોઈ પણ સ્ત્રીએ તમારા જેવા પનોતા પુત્રને જન્મ આપ્યો નથી. તે એવી રીતે કે જેમ અન્ય સઘળી દિશાઓ તારાઓને ધારણ કરે છે, પરંતુ પૂર્વ દિશા જ એક એવી દિશા છે કે જે પ્રકાશમાન કિરણના સમૂહથી યુક્ત એવા સૂર્યને જન્મ આપે છે.

(૪) *નાસ્તં કદાચિદુપયાસી ન રાહુગમ્યઃ, સ્પષ્ટી કરોષિ સહસા યુગપજ્જન્તિ ।*
*નામ્ભોધરોદર નિરૂદ્ધ મહાપ્રભાવઃ સૂર્યાતિશાયિ મહિમાડસિ મુનીન્દ્ર લોકે ॥*
હે મુનિન્દ્ર ! આ લોકમાં આપણો મહિમા સૂર્યથી પણ અધિક છે. (કેમ કે કેવળદર્શન રૂપી સૂર્ય ઊગ્યા પછી) તે કદી આથમતો નથી. રાહુ તેને ગ્રહણ કરી શકતો નથી. ત્રણે જગતને બહુ જ શીઘ્રતાથી એકસાથે પ્રકાશિત કરી શકો છો. તેમ જ કાળાં વાદળાં પણ આપના દર્શનરૂપી મહાપ્રભાવને આવરી શકતાં નથી.

**(ખ)** ભગવાન એક વિશિષ્ટ પ્રકારના દીપક છે તે બતાવતી ગાથા લખો.

જ. (ખ) નિર્ધૂમવર્તી ૨૫ વર્જિત તેલપૂરાઃ કૃત્સ્નં જગત્ત્રય મિદં પ્રકટી કરોષિ ।
ગમ્યો ન જાતુ મરુતાં ચલિતચલાનાં, દીપોડપરસ્ત્વમસિનાથ ! જગત્પ્રકાશઃ ॥

## અથવા

**ધર્મકથાના આધારે જવાબ લખો :**

**(ક)કોઈ પણ ત્રણના જવાબ આપો :**

(૧) કેશીસ્વામીના શિષ્યોના મનમાં શું શંકા ઉત્પન્ન થઈ તે લખો-કોઈ પણ ૨ મુદ્દા લખો.

**જવાબઃ ક (૧) કેશીસ્વામીના શિષ્યોએ જ્યારે ગૌતમસ્વામીના શિષ્યોને જોયા ત્યારે તેમના મનમાં શંકા થઈ કે આ અમારો કેવો ધર્મ છે અને તેમનો કેવો ધર્મ છે ? તથા અમારી આચારધર્મની વ્યવસ્થા એટલે બાહ્ય વેષ ધારણા આદિ ક્રિયા કેવી છે? અને તેમની આચારધર્મની વ્યવસ્થા કેવી છે ? ભગવાન પાર્શ્વનાથે અમને ચાર મહાવ્રતવાળો ધર્મ કહ્યો છે અને મહાવીરસ્વામીએ પાંચ મહાવ્રતવાળો ધર્મ કહ્યો છે, તો આ ભેદનું કારણ શું છે ? ભગવાન મહાવીરે અચેલક ધર્મ કહ્યો છે જ્યારે ભગવાન પાર્શ્વનાથે બહુમૂલ્ય વસ્ત્ર રાખવાની છૂટ રાખી છે. બન્નેના બાહ્ય આચારમાં આટલું અંતર શા માટે છે ?**

(૨) ગૌતમસ્વામી મનરૂપી દુષ્ટ અને સાહસિક ઘોડાને કઈ રીતે વશમાં રાખે છે ?

**જ. (૨) ગૌતમસ્વામી મનરૂપી દુષ્ટ અને સાહસિક ઘોડાને શ્રુતજ્ઞાનરૂપી લગામથી સમ્યક્ પ્રકારે વાંચના, પૃચ્છના, પરિયટ્ટણા, ધર્મકથા અને અનુપ્રેક્ષારૂપ ધર્મશિક્ષાર્થી બાંધીને વશ કરી લે છે ?**

(૩) ગૌતમસ્વામીએ કષાયરૂપી અગ્નિને કેવી રીતે શાંત કરેલી છે.

**જ. (૩) ગૌતમસ્વામીએ કષાયરૂપ અગ્નિને તીર્થંકરની આગમવાણી રૂપ પાણી તથા શ્રુત, શીલ અને તપરૂપ પાણી છાંટીને શાંત કરેલ છે. તેથી તે ઠરેલી અગ્નિ તેમને તથા તેમના આત્મગુણોને દઝાડતી નથી.**

(૪) કઈ લતા ભયંકર છે ? ગૌતમસ્વામી તેનાથી કઈ રીતે બચી ગયા છે ?

**જ. (૪) મનુષ્યના અંતરમાં ઉત્પન્ન થતી ભવતૃષ્ણા રૂપી વેલ ભયંકર છે. સાંસારિક પદાર્થોની ઇચ્છા અને લાલસાની લતા છે તે ભયંકર છે. ગૌતમસ્વામીએ આ લતાને સંતોષ દ્વારા મૂળ સહિત ઉખેડીને ફેંકી દીધી છે.**

**(ખ) ફક્ત એક જ શબ્દમાં જવાબ આપો :**

(૧) કેશીસ્વામી અને ગૌતમસ્વામી કયા ઉદ્યાનમાં મળ્યા હતા ? કઈ નગરીમાં મળ્યા હતા ?

**જ. (ખ) (૧) તિંદુક ઉદ્યાનમાં, શ્રાવસ્તી નગરીમાં**

(૨) બન્ને વચ્ચે કેટલા પ્રશ્નોની ચર્ચા-વિચારણા થઈ ? તેમાંથી સાતમો પ્રશ્ન કયો હતો ?

**જ. (૨) ૧૨, આપ અશ્વ ઉપર આરુઢ છો છતાં તે ઘોડો આપને ઉન્માર્ગ ઉપર કેમ લઈ જતો નથી ?**

(૩) કેશીસ્વામીને કેટલા જ્ઞાન હતા ? કયા કયા ?

**જ. (૩) ૩, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન.**

**॥ જય જિનેન્દ્ર ॥**